www.westerntimes.co.in | અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક | પાના - ૮ * કિંમત : ૧ રૂપિયા | gujarati@westerntimes.co.in

ગાંધીનગર
# વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી : સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 22 * NO. 165 સોમવાર તા.૧૬ જુલાઈ, ૨૦૧૮ ★ 16/7/2018 Gandhinagar ★ સંવત- ૨૦૭૪, અષાઢ સુદ-૪

Printed & Published by **Nikunj R. Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and **Published at** Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ૦૭૯-૨૬૪૦૨૮૮૨

# સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

## સુરતમાં ટૂંકા ગાળામાં જ ત્રણ ઇંચ, સાવરકુંડલામાં પાંચ ઇંચ વરસાદ : દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠે હાઈટાઇડ માટે ચેતવણી જારી : ઉનામાં એનડીઆરએફ ટીમ

**અમદાવાદ,**
સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ યથાવતરીતે જારી રહ્યો છે. ટુંકા વિરામ બાદ સુરતમાં પણ ફરી એકવાર નોંધપાત્ર વરસાદ થઈ રહ્યો છે. સુરતમાં સવારે એક ઈંચ વરસાદ થયા બાદ બપોરના ગાળામાં ભારે વરસાદ થયો હતો અને ચાર કલાકના ગાળામાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. જેના પરિણામ સ્વરુપે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વરસાદ સંબંધિત બનાવમાં બે લોકોના મોત પણ થઈ ગયા છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પાંચમાં દિવસે પણ મેઘમહેર અકબંધ રહી હતી. અમરેલીના સાંવરકુંડલામાં ઘોબા ગામે અનરાધાર વરસાદ થઈ રહ્યા છે. ઘોબા અને ભામોન્દ્રા સહિતના ગામોમાં ત્રણ કલાકમાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જેથી આસપાસના વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા હતા. ભાવનગરના જેસર પંથકના ગામડાઓમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. રાજુલામાં ધીમીગતિએ વરસાદ થયો છે. રાજકોટમાં ધીમીગતિએ વરસાદ થઈ રહ્યો છે. ભાવનગરમાં આજે રવિવારે બપોરના ગાળા બાદ ગાજવીજ સાથે વરસાદે એન્ટ્રી કરી હતી. ખેડૂત સમુદાય પણ હાલમાં ખુશખુશાલ છે. બીજ બાજુ સૌરાષ્ટ્રના જામનગરના કાલાવડ અને જામજોધપુર પંથકમાં મેઘ સવારી અકબંધ રહી છે. ગ્રામ્ય પંથકોમાં બે ઈંચ સુધીનો વરસાદ ખાબકી ગયો છે. ગીર સોમનાથ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં વેરાવળ, ચોરવાડ, તલાલા, સુત્રપાડામાં ભારે વરસાદ થયો છે. અહીં પીવાના પાણી તથા ઔદ્યોગિક એકમોની જીવાદોરી સમાન હિરન-૨ ડેમ છલકાવવાની તૈયારીમાં છે. ગીરના વન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. હિરન નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ઉનામાં ભારે વરસાદના લીધે લોકોની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે. રાજપરા, માણેકપુર, ખત્રીવાડા સહિતના ગામોમાં વરસાદી પાણી ઘુસી ગયા છે. સ્થિતિને પહોંચી વળવા માટે અસરગ્રસ્ત વિસ્તારમાં એનડીઆરએફની ટીમ પણ ગોઠવવામાં આવી છે. ઉનામાં એનડીઆરએફની ટીમ સક્રિય કરવામાં આવી છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતમાં વહેલી સવારથી જ વરસાદનો દોર જારી રહ્યો છે. લિંબાયત વિસ્તારમાં ઘરની છત ઉપર વિજળી પડતા એકને ઈજા થઈ હતી. જો કે, હોસ્પિટલ ખસેડવામાં આવતા એકનું મોત થયું હતું. બીજી બાજુ સાત વર્ષનું બાળક વરસાદી પાણીની ગટરમાં ગરકાવ થઈ ગયું હતું જેને બહાર કાઢવા માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરાયા હતા. હવામાન વિભાગ દ્વારા વલસાડમાં હાઈટાઈડની ચેતવણી જારી કરવામાં આવી છે. આજે રાજકોટ, ભાવનગરના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. સૌરાષ્ટ્રમાં સતત પાંચમાં દિવસે વરસાદની સ્થિતિ રહી હતી. સાવરકુંડલા પંથકમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થઈ ગયો છે. ગીરસોમનાથમાં પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. જુનાગઢ જિલ્લામાં મેઘરાજાએ તાંડવ મચાવ્યું છે. જુનાગઢના વિસાવદરમાં ગઈકાલે ૧૦ ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. જુનાગઢમાં સતત વરસાદના લીધે જિલ્લાની નદીઓમાં પાણીની આવક વધી ગઈ છે. દક્ષિણ ગુજરાતના દરિયા કિનારા ઉપર હાઈટાઈડની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે. વલસાડ અને તેના આસપાસના વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.


જુનાગઢ જીલ્લામાં મેઘરાજાએ પોતાનું રોદ્ર સ્વરૂપ દેખાયું છે. જેને કારણે સમગ્ર જીલ્લામાં ધોધમાર વરસાદ થયો છે. ધોધમાર વરસાદને કારણે અનેક નદીઓમાં ઘોડાપુર આવ્યા છે.

# મોદી બિમાર માનસિકતાના શિકાર છે : કોંગ્રેસના પ્રહારો

**નવીદિલ્હી,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી મુસ્લિમ પુરુષોની પાર્ટી દર્શાવવા પર કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા વ્યકત કરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ આજે કહ્યું હતું કે, કોઈ પાર્ટીને મુસ્લિમ પાર્ટી કહેવાની બાબત વડાપ્રધાનના પદ ઉપર રહેલી કોઈ વ્યક્તિ માટે યોગ્ય બાબત નથી. તેમના જેવા હોદ્દા પર રહેલી વ્યક્તિ માટે આ બાબત શોભા આપતી નથી. શર્માએ કહ્યું હતું કે, વડાપ્રધાનને ઈતિહાસને લઈને ઓછી માહિતી છે. તેઓ પોતાના ઈતિહાસને પોતે જ લખે છે. મોદી ઉપર રાજનીતિના સ્તરને નીચે લઈ જવાનો આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન સમગ્ર દેશના હોય છે. માત્ર ભાજપના હોતા નથી. તેમની મુખ્ય વિરોધ પાર્ટી કોંગ્રેસે અનેક રાષ્ટ્રીય આંદોલન અને સ્વતંત્રતાના સંઘર્ષમાં ભૂમિકા ભજવી છે. વડાપ્રધાનના નિવેદન ઉપર વળતા પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, તેમને એ બાબત યાદ રાખવાની જરૂર છે કે, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, લાલા લાજપતરાય, મૌલાના આઝાદ જેવા નેતા અધ્યક્ષ રહી ચુક્યા છે. કોંગ્રેસ અધ્યક્ષોની યાદી પોતાના ઓફિસમાં રાખે તો મોદી માટે સારી બાબત રહેશે. આવી સ્થિતિમાં તેમને ખોટા નિવેદન કરવાની જરૂર પડશે નહી. આનંદ શર્માએ કહ્યું હતું કે, મોદીએ પોતાના નિવેદનથી માત્ર ઈતિહાસનું અપમાન કર્યું નથી બલ્કે ભારતની ઉપલબ્ધીઓને પણ નજર અંદાજ કરી દીધી છે. તેમની આ પ્રકારની સ્થિતિ તેમની બિમાર માનસિકતા દર્શાવે છે. મોદી બિમાર માનસિકતાનો શિકાર છે. આ બાબત દેશ માટે ચિંતાજનક છે. વડાપ્રધાને જે નિવેદન આપ્યા છે તે ઈતિહાસ અને તથ્યો મુજબ સંપૂર્ણપણે ખોટા હોવાની વાત પણ તેમણે કરી હતી. મુસ્લિમ પુરુષોની પાર્ટીવાળા નિવેદનના કારણે આગામી દિવસોમાં રાજનીતિ વધુ તીવ્ર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આક્ષેપબાજી શરૂ થઈ છે.

**વડાપ્રધાન મોદીના મુસ્લિમ પુરુષોની પાર્ટીવાળા નિવેદનને લઇ શર્માના પ્રહારો : કોંગ્રેસની ઘણા આંદોલનમાં ભૂમિકા**

# ખેડૂતોના નામ ઉપર વિપક્ષ માત્ર રાજનીતિ કરતા રહ્યા છે : મોદી

## લોકસભા ચૂંટણી પહેલા મોદી મિરઝાપુરમાં ચૂંટણી મોડમાં દેખાયા

### ખેડૂતો માટે બનાવટી આંસુ દેખાડનાર ઘણા રાજકીય પક્ષોએ ખેડૂતોના હિતમાં ક્યારેય પગલા લીધા નથી : એમએસપીની કિંમત દોઢ ગણી અમે કરી બતાવી

**મિરઝાપુર,**
લોકસભાની ચૂંટણી પહેલા પૂર્વાંચલના પ્રવાસ ઉપર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આક્રમક અંદાજમાં વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. મોદી સંપૂર્ણપણે ચૂંટણી મોડમાં નજરે પડ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ખેડૂત વસ્તી ધરાવતા મિરઝાપુર જિલ્લામાં એક જનસભાને સંબોધતા વડાપ્રધાને કોંગ્રેસના નામનો ઉલ્લેખ કર્યા વગર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકો ખેડૂતોના નામ ઉપર બનાવટી આંસુ દેખાડે છે પરંતુ ખેડૂતોના હિતમાં હજુ સુધી કોઈપણ પગલા લીધા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષથી બાણસાગર સિંચાઈ યોજના અટવાયેલી હતી પંરતુ અગહાઉની સરકારોએ તેને પૂર્ણ કરવા માટે કોઈ પ્રયાસ કર્યા ન હતા. ખેડૂતોને તેમના ઉત્પાદનના યોગ્ય મૂલ્યો પણ આપવામાં આવ્યા નથી. આના માટે પણ તેમની સરકારે જ આવીને કામ કર્યું છે અને એમએસપીને દોઢ ગણી કરીને ખેડૂતોને રાહત આપી છે. ભોજપુરીમાં પોતાના ભાષણની શરૂઆત કરતા મોદીએ કહ્યું હતું કે, આ સમગ્ર ક્ષેત્ર દિવ્ય અને અલૌકિક છે. વિંધ્ય પર્વત અને ભાગીરથી વચ્ચે આ ક્ષેત્ર સદિયોથી અપાર સંભાવનાઓથી ભરપુર છે. હાલમાં જ ફ્રાંસના પ્રમુખ આવ્યા હતા અને માતા વિંધ્યાવાસીનીના સંદર્ભમાં સાંભળીને આશ્ચર્યચકિત થયા હતા. પૂર્વાંચલના લોકોના જીવનમાં કૃષિ મહત્વપૂર્ણ છે. બાણ સાગર યોજનાથી આ ક્ષેત્રના દોઢ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા મળશે. તેમણે ઉમેર્યું હતું કે, આ યોજનાની રુપરેખા ૪૦ વર્ષ પહેલા તૈયાર કરવામાં આવી હતી પરંતુ કામ શરૂ થતાં ૨૦ વર્ષ લાગી ગયા છે ત્યારબાદ અનેક સરકારો આવી છે પરંતુ આ યોજના પુરી થઈ શકી નથી.

વર્ષ ૨૦૧૪માં જ્યારે તેમની સરકાર આવી ત્યારે અટવાયેલી આ યોજનામાં આનું પણ નામ સામેલ હતું. અમે બાણ સાગર યોજનાને પૂર્ણ કરવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. યોગી આદિત્યનાથની સરકાર બન્યા બાદથી સવા વર્ષના ગાળામાં જે ગતિથી વિકાસની કામગીરી થઈ છે તેના લીધે જ આ યોજના પણ પૂર્ણ થઈ શકી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, અગાઉની સરકારોએ યોજનાઓને પૂર્ણ કરવા તરફ ધ્યાન આપ્યું ન હતું. જે લોકો હાલના દિવસોમાં ખેડૂતોના નામ ઉપર હોબાળો કરી રહ્યા છે તે લોકોને પુછવાની જરૂર છે કે, તેમના શાસનકાળમાં દેશભરમાં ફેલાયેલી આ પ્રકારની અધુરી સિંચાઈ યોજનાઓ કેમ આગળ વધી શકી નથી. બાણ સાગર યોજનાને પૂર્ણ કરીને અમે ઈચ્છા શક્તિનો પરિચય આપી ચુક્યા છે. દેશને પણ આર્થિકરીતે આ પ્રકારની પાર્ટીઓથી નુકસાન થયું છે. બાણ સાગર યોજના ૩૦૦ કરોડ રૂપિયાથી શરૂ થઈ હતી પરંતુ અગાઉની સરકારોના ઉદાસીન વલણના લીધે આ યોજના પર હવે ૩૫૦૦ કરોડ રૂપિયાનો જંગ ખર્ચ થયો છે. લોકોના પૈસાના બગાડ માટે અગાઉની સરકારો જવાબદાર છે. મોદીએ અપના દલના સ્થાપક સોનેલાલ પટેલનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમમે ઉમેર્યું હતું કે, પૂર્વાંચલ અમારી વિકાસની પ્રાથમિકતા છે. અહીંના ગરીબ, શોષિત અને વંચિત લોકો માટે સોનેલાલ પટેલ જેવા કર્મશીલ લોકોએ જે સપના જોયા હતા તે સપનાઓને અમે આગળ વધારી રહ્યા છીએ. ખેડૂતોના નામ ઉપર માત્ર રાજનીતિ થતી રહી છે. સોનેલાલ પટેલની પુત્રી અનુપ્રિયા મિરઝાપુરમાંથી સાંસદ તરીકે છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં પાંચ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવી ચુક્યા છે. આના માટે કેન્દ્રની યોજનાઓની ભૂમિકા મોટી રહી છે.

### નક્સલીઓનું ફાયરિંગ : બે જવાન શહીદ

**રાયપુર,**
છત્તીસગઢના કાંકેરમાં બીએસએફ અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટનામાં બીએસએફના ૨ જવાન શહીદ થયા છે, જ્યારે ૩ જવાન ઘાયલ થયા છે. આ અથડામણ પંખાજુરના પરતાપુર વિસ્તારની છે, જે હજુ સુધી પણ ચાલુ છે. એએનઆઈ અનુસાર, છત્તીસગઢના કાંકેર જિલ્લામાં નક્સલીઓ સાથેની અથડામણમાં બે બીએસએફ જવાન શહીદ થયા અને અન્ય ૩ ઘાયલ થયા હતા. શહીદ જવાન બીએસએફ ની ૧૭૫ મી બટાલિયન ના હતા. હુમલામાં ઘાયલ જવાનોને રાયપુર લાવવા માટે એમ આઈ-૧૭ હેલિકોપ્ટરથી ઉડાન ભરી પરંતુ ખરાબ હવામનના કારણે હેલિકોપ્ટરને વચ્ચેથી પાછુ ફરવુ પડ્યુ હતુ.

## અમરનાથ દર્શન માટે ૨૯૨૨ લોકો રવાના : ઉત્સાહ અકબંધ

**શ્રીનગર,**
અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે ચાલી રહી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં અમરનાથના દર્શન માટે આજે ૨૯૨૨થી વધુ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. હજુ સુધી ૧.૭૬ લાખ શ્રદ્ધાળુઓ અમરનાથના દર્શન કરી ચુક્યા છે. આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે ૧૨૧ વાહનોમાં બે બેઝ કેમ્પ માટે શ્રદ્ધાળુ રવાના થયા હતા જેમાં ૭૨૫ મહિલાઓ, ૯૩ સાધુ સંતો સહિત ૨૯૨૨ શ્રદ્ધાળુ બાલતાલ અને પહેલગામના બેઝકેમ્પ માટે રવાના થયા હતા. અમરનાથ યાત્રા દરમિયાન જુદી જુદી ઘટનાઓમાં હજુ સુધી ૧૩ના મોત થઈ ચુક્યા છે. અમરનાથ યાત્રામાં અનેક પ્રકારની અડચનો આવી રહી છે છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી દર્શન કરી ચુક્યા છે અને હજુ લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. જુદા જુદા કાફલામાં શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે.

### હઝારીબાગમાં એક જ પરિવારના છ સભ્યોએ કરી આત્મહત્યા

**રાયપુર,**
ઝારખંડના હઝારીબાગ જિલ્લાની એક હેરાન કરતી ઘટના સામે આવી છે. દિલ્હીના બુરાડી કાંડની જેમ હઝારીબાગમાં એક પરિવારનો સામુહિક આત્મહત્યા નો કેસ સામે આવ્યો છે. શનિવારની રાતે એક પરિવારના ૬ સભ્યોએ આત્મહત્યા કરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે આ પરિવારને ઘણું દેવું થઈ ગયું હતું જેનાથી તેઓ ઘણાં દુખી હતાં.

આમાંથી ૫ લોકોએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો જ્યારે એકે ધાબા પરથી કુદીને જીવ આપ્યો છે. આ મામલાની તપાસ ચાલી રહી છે. આ રીતનો જ એક મામલો થોડા દિવસ પહેલા મુંબઈમાં બન્યો હતો. તેમાં એક પરિવારના બધા લોકોએ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો.

# મિરઝાપુરમાં ૪૦૦૮ કરોડ રૂપિયાની યોજનાઓની ભેંટ

**મિરઝાપુર,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વાંચલના પોતાના પ્રવાસના બીજા દિવસે મિરઝાપુરમાં આશરે ૪૦૦૮ કરોડની યોજનાઓની ભેંટ આપી હતી. મોદીએ એકબાજુ ૩૪૨૦ કરોડ રૂપિયાની બાણ સાગર સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યુ હતું. સાથે સાથે વારાણસીને મિરઝાપુર સાથે જોડનાર ચુનાર પુલનું લોકાર્પણ કર્યુ હતું. આ પુલને બનાવવામાં ૬૯ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુ પ્રિયા પટેલના સંસદીય ક્ષેત્ર મિરઝાપુરમાં મેડિકલ કોલેજનું શિલાન્યાસ કર્યુ હતું. મોદીની સાથે કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને તેમની કેબિનેટના પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશના દરેક મંડળમાં એક મેડિકલ કોલેજ બનાવવામાં આવશે. પિપરાડાડમાં બની રહેલી આ મેડિકલ કોલેજને બનવામાં ૨૬૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. આ ઉપરાંત મોદી મિરઝાપુરની સરહદથી લઈને અલ્હાબાદ સુધીના નેશનલ હાઈવે ૭૬ના વિસ્તૃતિકરણની કામગીરીનું શિલાન્યાસ કર્યું હતું. સમગ્ર પૂર્વાંચલના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. યોગીએ કહ્યું હતું કે, સરકાર વર્ષોથી પેન્ડિંગ રહેલી યોજનાઓને પ્રાથમિકતાના આધાર પર હાથ ધરીને પૂર્ણ કરી રહી છે.

## બે બાળકોની માં સાથે ૫ પુરૂષોએ કર્યો ગેંગરેપ : મંદીરમાં જીવતી બાળી

**લખનૌ,**
૩૫ વર્ષિય બે બાળકોની સાથે યજ્ઞાશાલામાં દુષ્કર્મની ઘટના સામે આવી છે. ઉત્તર પ્રદેશનાં સંભાના જીલ્લામાં આ ચકચારી ઘટના બની છે. એક મહિલા પર પાંચ પુરૂષો દ્વારા ગેંગ રેપ કરવામાં આવ્યો અને બાદમાં સ્થાનિક મંદિરનાં યજ્ઞાશાલામાં તેને જીવતી બાળી નાખવામાં આવી હતી. યજ્ઞાશાલા ગામ રાજપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. આ ગામમાં મહિલા તેનાં બાળકો સાથે ઉંઘતી હતી. પીડિતાનો પતિ ગાઝિયાબાદમાં મજૂરી કામ કરે છે. પોલીસે આ અંગે વધુ માહિતી આપતાં કહ્યું કે, શનિવારે પાંચ આરોપીઓ મહિલાનાં ઘરમાં ઘુસી ગયા હતાં અને તેની સાથે બળજબરી કરવા લાગ્યા હતાં. પીડિતાનાં પતિના જણાવ્યા પ્રમાણે, આરોપી પુરુષોએ રેપ બાદ ત્યાંથી જતા રહ્યાં તે બાદ મહિલાએ તેને અને તેના ભાઈને ફોન કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ફોન લાગ્યો ન હતો. બાદમાં તેને તેનાં પિતરાઈ ભાઈને આખી ઘટના કહી હતી.

### પાક ચૂંટણી : હાફીઝની પાર્ટીનું પેજ આખરે રદ કરી દેવાયું છે

**ઇસ્લામાબાદ,**
પાકિસ્તાન ચૂંટણીમાં ઉતરવાની તૈયારી કરી રહેલા ત્રાસવાદી હાફીઝ સઈદ અને તેના ઉમેદવારોને ચૂંટણીથી પહેલા જ મોટો ફટકો પડી ગયો છે. સોશિયલ મિડિયાના સૌથી મોટા પ્લેટફોર્મ ફેસબુકે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી હાફીઝ સઈદની પાર્ટી મિલિ મુસ્લિમ લીગના પેજને ડિલિટ કરી દેવાની જાહેરાત કરી છે. મિલિ મુસ્લિમ લીગ દ્વારા પણ આને સમર્થન આપી દેવામાં આવ્યું છે. ફેસબુકે હાફીઝ સઈદની પાર્ટી અને ઉમેદવારોના પેજને ડિલિટ કરીને મોટો ફટકો આપી દીધો છે. માત્ર પાર્ટી જ નહીં બલ્કે ફેસબુકે પાર્ટીના ઉમેદવારો ઉપરાંત તેની સાથે જોડાયેલા અનેક પેજને ડિલિટ કરી દીધા છે. સોશિયલ મિડિયા કંપનીએ આ નિર્ણય કેમ કર્યા છે તે અંગે કોઈ કારણ પાર્ટી તરફથી આપવામાં આવ્યા નથી. મિલિ મુસ્લિમ લીગના નેતાએ કહ્યું છે કે, આ અભિવ્યક્તિની સ્વતંત્રતા સામે પ્રહાર તરીકે છે.

પથરીની સારવાર ઓપરેશન વગર

લીથોટ્રીપ્સી દ્વારા
સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછા દરે
પારંગત-પારદર્શક-વિશ્વસનીય સારવાર
પરિમલ હોસ્પિટલ (Estd.-1982)
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજ પાસે, મણિનગર, અમદાવાદ-૮.
Ph: 84600 65008, 98240 19394

PATEL EXPRESS COURIER
વ્યાજબી ભાવે વિદેશ પાર્સલ
સેવા ઝડપી અને સલામતી સેવા
ડોલરીયા દેશમાંથી માલ મંગાવો અને મોકલો
અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલીયા, લંડન, યુરોપ, આફ્રીકા, મેડાલીસ્ટ
૭-૮-૯ મોતીલાલ સેન્ટર, સેલ્સ ઇન્ડીયા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન નં.૨૭૫૪૫૧૫૪/૨૭૫૪૦૧૩૩, મો.૯૮૨૫૨ ૫૬૭૧૭

પાણીજન્ય રોગો થી મુક્તિ માટે બેકટાફી
બેકટાફી ટેબલેટ

કરે સમગ્ર પરિવારની સુરક્ષા
બેકટાફી-૧૦
૧ ટેબલેટ
૧૦ લિટર પાણી માટે
(માટલી, કેરબા માટે)
બેકટાફી-૧૦૦૦
૧ ટેબલેટ
૧૦૦૦ લિટર પાણી માટે
(ટાંકી માટે)
પાણીનો સ્વાદ જરા પણ બદલાતો નથી બેકટાફી ટેબલેટ
પાણીને રાખે જંતુમુક્ત, શરીરને રાખે તંદુરસ્ત
બેકટાફી ટેબલેટ સંઘરેલ પાણીમાં તેમજ પાઇપલાઇનમાં થતી લીલને નિષ્કીય કરે છે. બેક્ટાફી ટેબલેટ નાખેલ પાણી એટલે પાણીજન્ય રોગોથી મુક્તિ. માટે આજે જ લઇ આવો. બેકટાફી ટેબલેટ
૦૭૯-૨૬૬૩૧૭૪૪.

ન્યુ લાઇફ કેન્સર કેર™
ઓપરેશન વગર સારવાર
મોં, જીભ, ગળું, સ્વરપેટી, અન્નનળીની ગાંઠ, ચાંદી, આંતરડા, ફેફસા અને લીવરની ગાંઠ, છાતી અને શરીરમાં કોઇ પણ પ્રકારની ગાંઠ બિમારી સાચું માર્ગદર્શન અને સારી સારવાર આપવામાં આવશે
હું નૂર મોહંમદ વ્હોરા, અમદાવાદમાં આવેલ વેજલપુર વિસ્તારનો રહેવાસી છું. મારા પેટ અને પ્રોસ્ટેટમાં કેન્સરની ગાંઠ થઈ ગઈ હતી.મે તેનું એકવાર ઓપરેશન કરાવ્યા પછી પણ ફરીથી ગાંઠ થઈ ગઈ હતી. આ તકલીફ દરમ્યાન મે

ન્યુ લાઈફ કેન્સર કેર વિષે માહિતી મેળવી એમની મુલાકાત લીધા પછી મને એક વિશ્વાસ બેઠો કે હવે મારી તકલીફનું સકારાત્મક નિવારણ થશે. તેમણે માત્ર દવાથી જ ૩ થી ૪ મહિનાની અંદર મારી ગાંઠ મટાડીમને આ તકલીફમાંથી મુક્તિ આપી છે. હું અત્યારે ખૂબ આરામમાં છું અને મદિના સાઉદી અરબમાં સ્વાસ્થ્ય પૂર્વક નોકરી કરું છું.
નૂર મોહંમદ વ્હોરા
ફોન કરીને અપોઈમેન્ટ લઈને આવવું.
G-5 કલીફ્ટનપાર્ક, એસ.ટી- ગીતા મંદિર રોડ, સ્વામીનારાયણ કોલેજ પાછળ, શાહેઆલમ ટોલનાકા અમદાવાદ.
સમયઃ- સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી રવિવારે ચાલુ
સંપર્ક 9824352227 9927273084

CHAVDA SUPERMALL
CHAVDA
BIG SALE
Upto 70%
લેડીઝ જેન્ટસ ફુટવેર
પાર્ટીવેર, ઓફિસવેર, કેઝ્યુઅલ ફૂટવેર
Sunday Open
સુપરમોલ, લાલ બંગલાની બાજુમાં, સીજી રોડ, અમદાવાદ. Tel : 079-66610598

# જીએસટીના પ્રશ્નો મુદ્દે રાષ્ટ્રીય સ્તરની જોઇન્ટ એકશન કમિટિ

**અમદાવાદ,**

જીએસટીના અમલીકરણને એક વર્ષ વીત્યા બાદ પણ ઇન્વોઇસ મેચીંગ નહી થવાથી માંડી, અબજો રૂપિયાના અટવાયેલા રિફંડ સહિતની અનેક સમસ્યાઓ અને જીએસટી રિટર્નમાં વેપારીઓને પડતી હાલાકી સહિતની અનેક ફરિયાદોના મામલે હવે રાષ્ટ્રીય સ્તરની જોઇન્ટ એકશન કમીટીની રચના કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં દેશભરના ટેક્સ એડવોકેટ અને ટેક્સ પ્રેકટીશનર્સના યોજાયેલા બે દિવસીય કોન્કલેવમાં જીએસટીને લગતી સમસ્યાઓ અને પ્રશ્નોને લઇ ખૂબ મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી અને ઘણા અગત્યના સૂચનો પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ જોઇન્ટ એકશન કમીટી હવે તા.૨૧મી જૂલાઇના રોજ મળનારી જીએસટી કાઉન્સીલને પણ પોતાની મહત્વની રજૂઆત અને સૂચનો રજૂ કરશે. જીએસટી કાયદામાં ટેક્સ એડવોકેટ અને ટેક્સ પ્રેકટીશનર્સ માટે ઓડિટ અને સર્ટિફિકેશન કરવાના અધિકાર મેળવવા મામલે કેન્દ્ર સરકાર અને જીએસટી કાઉન્સીલ સમક્ષ પણ ખાસ રજૂઆત કરાશે એમ અત્રે ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશનના સભ્યો અને જીએસટી નિષ્ણાત અક્ષત વ્યાસ અને નિગમ શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જીએસટીના મુદ્દે શહેરમાં યોજાયેલા સફળ કોન્કલેવમાં દેશભરના ગુજરાત, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, આસામ, ઓરિસ્સા, કર્ણાટક, જમ્મુ-કાશ્મીર સહિતના

## ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને ટેક્સ એડવોકેટ્સને ઓડિટ અને સર્ટિફિકેશનની સત્તા આપવા માટેની જોરદાર માંગ થઇ

કુલ ૨૯ રાજયોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ટેક્સ એડવોકેટ અને ટેક્સ પ્રેકટીશનર્સ હાજર રહ્યા હતા. કોન્કલેવમાં દેશભરના ૯૦થી વધુ એસોસીએશનના ટેક્સ એડવોકેટ અને ટેક્સ પ્રેકટીશનર્સ દ્વારા જીએસટીમાં રહી ગયેલી ખામીઓ-ત્રુટિઓ નિવારવા ઉપરાંત તેને સરળ અને સાચા અર્થમાં અમલી બનાવવાના તેમ જ જીએસટીની ગૂંચવણો અને જટિલતા દૂર કરી વ્યવહારૂ અભિગમ સાથે અમલી બને તે માટેના અગત્યના સૂચનો અને સુધારા-વધારા સૂચવવામાં આવ્યા હતા. જીએસટી નિષ્ણાત અક્ષત વ્યાસ અને નિગમ શાહે વધુમાં જણાવ્યું હતું કે, જીએસટીના અમલને એક વર્ષ બાદ પણ હજુ પડી રહેલી તકલીફો અને હાલાકી અંગે જીએસટીનું સરળ અમલીકરણ કરવા માટે જરૂરી ફોર્મેટ જ હજુ જીએસટી કાઉન્સીલ તૈયાર કરી શકી નથી. કાઉન્સીલે જીએસટીએન-૨ એ ની વ્યવસ્થા કરીને વેચાણ કરનાર તેની વિગતો અપલોડ કરે તેવી વ્યવસ્થા દાખલ કરી છે. જેમાં અપલોડ થયેલા જીએસટીઆર-૩ની વિગતો ખરીદનાર જોઇ શકે છે પરંતુ તેમાં કોઇ ક્ષતિ હોય તો વેચનારને કોમ્યુનિકેટ કરવાની કોઇ વ્યવસ્થા નહી હોવાથી ઇનપુટ ટેક્સ ક્રેડિટ સાચી મેળવી છે કે કેમ તે ખબર જ પડતી નથી, જેથી વેપારીઓ અને ડિપાર્ટમેન્ટ બંને મૂંઝવણમાં રહે છે. આ જ પ્રકારે જીએસટીઆર-૨ અને જીએસટીઆર-૩ તૈયાર થયા નહી હોવાથી સંખ્યાબંધ વેપારીઓને ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. સમગ્ર સીસ્ટમમાં મુખ્ય રિટર્ન એવા જીએસટીઆર-૩ માટે સરળ ફોર્મેટ એસોસીએશને કાઉન્સીલને તૈયાર કરીને આપ્યું છે, ઉપરાંત જીએસટીના સર્વર પર ઓછો લોડ આવે તે પ્રકારે વિગતો અપલોડ કરવા, દરેક ઇન્વોઇસનું યોગ્ય રીતે મેચીંગ કરવા સહિતના અનેક સૂચનો કરાયા છે પરંતુ હજુ સુધી તેનું સાચા અર્થમાં અમલીકરણ જ થયું નથી.

જીએસટીઆર-૩માં વેચાણ અને ખરીદીની બિઝનેસ ટુ બિઝનેસની યાદી એટલે કે, બિલની યાદી એટેચ કરવાની સીસ્ટમ ઇન્ટ્રોડયુસ કરવાની ભલામણ કરાઇ છે પરંતુ તેને હજુ સુધી કાઉન્સીલ દ્વારા ફોડ પડાયો નથી. જેને પગલે વેપારીઓ ઇનપુટ ટેક્સ ક્રેડિટ વિના હેરાન થઇ રહ્યા છે. જીએસટી નિષ્ણાત દિવ્યેશ મહેતા અને વારીસ ઇશાનીએ ઉમેર્યું હતું કે, એક્સપોર્ટના રિફંડની સમસ્યા આજે પણ બહુ મોટી છે. એક્સપોર્ટ ફોર્મ -૧ ભરીને રિફંડ માટે ઓનલાઇન અરજી કરાય તે પછી દરેક અધિકારીઓ પોતાની સૂઝબૂઝ પ્રમાણે તે ક્લિયર કરવા અલગ અલગ દસ્તાવેજો માંગે છે. જેને લઇ સમગ્ર પ્રક્રિયામાં એકસૂત્રતા કે વિશ્વસનીયતા જળવાતી નથી અને તેથી રિફંડનો મામલો અટવાયા જ કરે છે. સામાન્ય રીતે ઇન્ટીગ્રેટેડ જીએસટીનું રિફંડ પંદર દિવસમાં આપી દેવાનો નિયમ છે પરંતુ કેન્દ્રના અધિકારીઓએ આ અંગે ઝુંબેશ ચલાવ્યા પછી અને ઓનલાઇન કામ થતુ નહી હોવાથી મેન્યુઅલી કરાવ્યા પછીય આજે અબજો રૂપિયાના રિફંડ અટવાયેલા પડયા છે. આ સહિતના અનેકવિધ મુદ્દાઓ પરત્વે કોન્કલેવમાં ચર્ચા વિચારણા હાથ ધરાઇ છે અને હવે દેશભરના પ્રતિનિધિઓ તરફથી રજૂ થયેલા સૂચનો અને સુધારાવધારાના મુસદ્દાને જીએસટી કાઉન્સીલમાં રજૂ કરાશે.




કર્ણાવતી યુનિવર્સિટીમાં યુથ પાર્લમેન્ટ ઓફ ઇન્ડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આમા કિરણ બેદી, સુબ્રમણ્યમ સ્વામી અને શામ પિત્રોડા ઉપસ્થિત રહ્યા હતા.( તસવીર : જયેશ મોદી )

# અમદાવાદમાં ઝરમર છાંટણા વરસાદથી લોકો અધીરા બન્યા

**અમદાવાદ,**

અમદાવાદમાં છેલ્લા ઘણા સમયથી શહેરીજનો ભારે આતુરતાથી વરસાદની રાહ જોઇ રહ્યા છે પણ મેઘરાજા હજુ સુધી સંપૂર્ણ રીતે મહેરબાન નથી થયા. છેલ્લા બે દિવસથી અમદાવાદ શહેર અને જિલ્લામાં વરસાદની પધરામણી થઇ છે પરંતુ અમીછાંટણા અથવા તો ઝરમરીયા છાંટણા સ્વરૂપે. વરસાદ ખેંચાતા અને ઝરમરીયા વરસાદને લઇ હવે શહેરીજનો અધીરા અને જાણે વ્યાકુળ બન્યા છે અને મેઘરાજાને મુકતમને તેમની મહેર વરસાવવા વિનંતી કરી રહ્યા છે. નગરજનો મેઘરાજાની ધોધમાર વરસાદ વરસાવવાની ચાતક નજરે રાહ જોઇને બેઠા છે. અમદાવાદીઓ પર હજુ મેઘરાજા જોઇએ એવા મહેરબાન થયા નથી. અહીં બે દિવસથી અમીછાંટણા અને ઝરમર સ્વરૂપે વરસાદ છૂટક છૂટક વરસી રહ્યો છે પરંતુ તેને લઇ ઉલ્ટાના શહેરીજનો વધુ વ્યાકુળ અને અધીરા બન્યા છે. શહેરીજનો હવે શહેરમાં ધોધમાર અને વરસાદની આશા રાખીને બેઠા છે અને તે માટે મેઘરાજાને રીઝવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજયમાં દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ, નવસારી સહિતના પંથકોમાં મેઘરાજા મહેરબાન થયા પછી સૌરાષ્ટ્રમાં પણ પુષ્કળ પ્રમાણમાં વરસાદ થયો છે. હવામાન વિભાગે રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી હજુ સુધી અમદાવાદમાં હજુ પણ જોઇએ એવો વરસાદ જ નોંધાયો નથી. અમદાવાદમાં વરસાદી માહોલ બંધાયા પછી અચાનક વાદળો વિખરાઇ જવાના કારણે અમદાવાદીઓ અકળાઇ રહ્યા છે. આ ચોમાસામાં ૧-૨ દિવસ છોડ્યા સિવાય તૂટી પડ્યો હોય તેવો વરસાદ નથી જોવા મળ્યો અને તેની આતુરતાથી રાહ જોવાઇ રહી છે. જોકે, સામાન્ય વરસાદ પછી પણ શહેરના તાપામાનમાં ઘણો ઘટાડો થયો છે. ૪૦ને આંબી જતું તાપમાન છેલ્લા કેટલાક સમયથી ૨૮-૩૫ની આસપાસ જળવાઇ રહ્યું છે. અમદાવાદમાં વરસાદની આગાહીની વાત કરીએ તો આગામી કેટલાક કલાકોમાં અને અઠવાડિયા દરમિયાન સારો વરસાદ થશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અમદાવાદના વરસાદની વાત કરીએ તો પાછલા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૦૦૧.૩ મિમીવરસાદ નોંધાયો છે. આ સિવાય અમદાવાદ જિલ્લાની વાત કરીએ તો બાવળામાં ૫ મિમી, દસક્રોઇ અને દેત્રોજમાં ૦ મિમી, ધંધુકામાં ૨ મિમી, ધોલેરામાં ૫૫ મિમી, ધોળકા ૧ મિમી, માંડલ ૨ મિમી, સાણંદ ૩ મિમી અને વિરમગામમાં ૦ મિમી વરસાદ નોંધાયો છે. દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૩૦.૬ અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ નોંધાયું હતું.



અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો છે ત્યારે રોગચાળાને રોકવા માટે એએમસીના કર્મચારીઓ દવાના છંટકાવમાં લાગી ગયા છે.( તસવીર : જયેશ મોદી )

# બાપુ મારાથી ખફા નથી કે, ભાજપનું દબાણ પણ નથી

**અમદાવાદ,**

શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ગઈ કાલે રથયાત્રાના દિવસે જ કેસરિયો ખેસ પહેરી લીધો હતો. પુત્ર આ પ્રકારે અચાનક ભાજપમાં જોડાઇ જતાં ગાંધીનગર ખાતે પિતા શંકરસિંહ વાઘેલાએ પત્રકાર પરિષદ સંબોધી પુત્રના ભાજપમાં જોડાવવા અંગે મીડિયા સમક્ષ અનેક ખુલાસા કર્યા હતા અને તેને ચીમકી પણ આપી હતી. જો કે, બાપુની નારાજગી બાદ હવે મહેન્દ્ર સિંહ વાઘેલા પણ મીડિયા સમક્ષ આવ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે, મારા પિતા તરીકે બાપુને ચિંતા થાય તે વ્યાજબી છે. પરંતુ બાપુ મારાથી નારાજ નથી. મારા પિતાને મેં ભાજપમાં જોડાવાની વાત કરી હતી અને પાર્ટીમાં જોડાવવાનો નિર્ણય મારો વ્યકિતગત છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભાજપમાં જોડાવા મુદ્દે મારા સમર્થકો સાથે મેં ચર્ચા કરી હતી. ભાજપમાં જોડાવવાનો નિર્ણય પણ તાત્કાલિક લેવાયો નથી. ડિસેમ્બરથી ભાજપમાં જોડાવવાની વાત ચાલતી હતી. મારા પર ભાજપનું કોઈ જ દબાણ નથી. પિતા મારાથી નારાજ નથી પરંતુ પુત્રની ચિંતા કરે છે. મહેન્દ્રસિંહ વાઘેલાએ ભાજપમાં જોડાયા બાદ સૌપ્રથમવાર કહ્યું હતું કે, મે ૬ મહિના સુધી વિચાર કરીને પછી આ નિર્ણય લીધો છે. લાંબી વિચારણા બાદ જ મેં આ નિર્ણય લીધો છે. મારા પિતા સાથે મેં આ બાબતે ચર્ચા કરી હતી. શંકરસિંહ વાઘેલાએ ગઈકાલે આપેલા નિવેદન બાબતે મહેન્દ્રસિંહે કહ્યું હતુ કે, બાપુ નારાજ નથી.

# ભગવાનનો નિજમંદિર ગર્ભ ગૃહમાં પ્રવેશ : આરતી-પૂજા

**અમદાવાદ,**

ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામ નગરની પરિક્રમા કરી નિજમંદિરે પરત ફર્યા બાદ આજે વહેલી સવારે મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે ભગવાનની નજર ઉતાર્યા બાદ સૌ સાધુ-સંત અને શ્રધ્ધાળુ ભકતોની ઉપસ્થિતિમાં મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરાવ્યો હતો અને વૈદિક શાસ્ત્રોકત વિધિ મુજબ, ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામની ત્રણેય કાષ્ઠ મૂર્તિઓનું મૂળ સ્થાને પ્રતિષ્ઠાપન કરાયું હતું. મહંત દિલીપદાસજી મહારાજે ભગવાનની આરતી ઉતારી એ વખતે નિજમંદિર ફરી એકવાર જય જગન્નાથ, જય રણછોડ-માખણચોરના નારાઓથી ગુંજી ઉઠયું હતું અને સુંદર ભકિતવિભોર માહોલ છવાઇ ગયો હતો. વહેલી સવારથી જ ખૂબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતો જગન્નાથ મંદિરે દર્શનાર્થે ઉમટયા હતા.

ગઇકાલે મોડી સાંજે ૮-૩૮ મિનિટે ભગવાન જગન્નાથજી અને, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામના રથ નિજમંદિરે પરત ફર્યા ત્યારબાદ મહંત દિલીપદાસજી દ્વારા ભગવાનની રથમાં જ શયનઆરતી ઉતારવામાં આવી હતી તે પ્રસંગે હજારો શ્રધ્ધાળુ ભકતો ભકિતરસમાં ભાવવિભોર બન્યા હતા. જો કે, ભગવાને રાતભર મંદિર પ્રાંગણમાં રથમાં જ રાતવાસો ગુજાર્યો હતો. તેની પાછળની પૌરાણિક પ્રચલિત લોકવાયકા એવી છે કે, લક્ષ્મીજીને પૂછયા વિના ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલભદ્રને લઇને નગરચર્યાએ નીકળી જાય છે, તેથી લક્ષ્મીજી ભગવાનથી નારાજ થઇ જાય છે અને તેથી રાતભર તેઓ ભગવાન માટે દરવાજો ખોલતા નથી. જેના પરિણામે ભગવાનને આખી રાત રથમાં જ પસાર કરવી પડે છે. બીજા દિવસે વહેલી સવારે ભગવાન બહુ વિનંતી કરી લક્ષ્મીજીને મનાવવામાં સફળ થઇ જાય છે અને તેમને પ્રવેશની મંજૂરી આપે છે. જેથી ભગવાને આખી રાત રથમાં જ પસાર કર્યા બાદ વહેલી સવારે મહંત દિલીપદાસજી મહારાજે ભગવાનની નજર ઉતારી તેઓને પોંખ્યા હતા અને સૌ સાધુ-સંતો, મહંતો અને શ્રધ્ધાળુ ભકતોની હાજરીમાં ભારે કાળજીપૂર્વક ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામની કાષ્ઠની મૂર્તિઓને ફરી નિજમંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરાવી વૈદિક અને શાસ્ત્રોકત વિધિ મુજબ, તેનું પ્રતિષ્ઠાપન કરાયું હતું.

# ગેસ લિકેજથી લાગેલી આગમાં દાઝી ગયેલા બે બાળકોના મોત

**અમદાવાદ,**

શહેરમાં ગેસ લીકેજના કારણે ઘણા ગંભીર બનાવો અને દુર્ઘટના સર્જાઇ ચૂકી છે પરંતુ તંત્ર દ્વારા હજુ આ મામલાને એટલો ગંભીરતાથી લેવાતો નથી, જેના કારણે શહેરમાં ગઇકાલે આવી જ એક ગંભીર દુર્ઘટના સર્જાઇ હતી. શહેરના હાથીજણ વિસ્તારમાં આવેલ વિનોબાભાવે નગરના એક મકાનમાં ગઇકાલે સવારે બ્લાસ્ટ થતાં પતિ પત્ની અને બે બાળકો ગંભીર રીતે દાઝી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા માસૂમ બે બાળકોના હોસ્પિટલમાં સારવાર દરમ્યાન આજે કરૂણ મોત નીપજતાં ભારે અરેરાટી અને શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. જયારે પતિ-પત્ની બંનેની એલજી હોસ્પિટલમાં સઘન સારવાર ચાલી રહી છે. આ અંગેની વિગત એવી છે કે, હાથીજણ વિસ્તારમાં આવેલ વિનોબા ભાવે નગરના બ્લોક નંબર ૧૭માં દીપકભાઇ રામસ્વરૂપ પટેલ (ઉ.વ ૩૩), તેમની પત્ની સીમા પટેલ (ઉ.વ ૨૭), અને બે બાળકો હિમાંશુ (ઉ.વ ૫) પ્રિયાશું (ઉ.વ ૩) સાથે રહે છે. ગઇકાલે વહેલી સવારે દીપકભાઇએ ઊઠીને લાઇટ ચાલુ કરવા માટે સ્વિચ પાડી ત્યારે એકાએક બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આસપાસનાં મકાનોમાં પણ તેની અસર સર્જાઇ હતી. દીપકભાઇના મકાનમાં થયેલા બ્લાસ્ટના કારણે આખો પરિવાર આગની ઝપેટમાં આવી ગયો હતો. બ્લાસ્ટ થતાંની સાથે સ્થાનિકો દોડી આવ્યા હતા અને આગની ઝપેટમાં આવી ગયેલા દીપકભાઇ, સીમા તેમજ હિમાંશુ અને પ્રિયાશુંને સારવાર માટે એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર માટે ખસેડાયેલા દીપકભાઇ તેમજ તેમના પત્ની સીમા અને બંને બાળકોની હાલત અત્યંત નાજુક હોવાનું ડોકટોએ જણાવ્યું હતું.

## માસુમ બાળકોના મોતથી ભારે સનસનાટી : આગમાં દાઝી ગયેલા પતિ-પત્ની હજુપણ સારવાર હેઠળ

બીજીબાજુ, ઘટનાની જાણ પોલીસ તેમજ ફાયરબ્રિગેડને થતાં તેઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ મકાનમાં લાગેલી આગ કાબૂમાં લીધી હતી જયારે પોલીસે આગ કેવી રીતે લાગી તે મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીકેજ થતો હતો. મકાનની તમામ દરવાજા બંધ હોવાના કારણે આખા ઘરમાં ગેસ ભરાઇ રહ્યો હતો. વહેલી સવારે દીપકભાઇ ઉઠ્યા ત્યારે તેમને લાઇટ ચાલુ કરવા માટે સ્વિચ પાડી હતી. સ્વીચ પાડતાંની સાથે જ સ્પાર્ક થયો અને મકાનમાં ભરાઇ રહેલા ગેસના કારણે એકદમ બ્લાસ્ટ થયો હતો અને અચાનક આગ લાગી હતી. દરમ્યાન આજે સવારે ગંભીર રીતે દાઝી ગયેલા ઉપરોકત બંને બાળકોના હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયા હતા. આ દુખદ સમાચારને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને શોકની લાગણી ફેલાઇ ગઇ હતી, બીજીબાજુ તેમના માતા-પિતાની હજુ પણ હોસ્પિટલમાં ગંભીર રીતે દાઝયાની સારવાર ચાલી રહી છે. બાળકોના મોતના સમાચારને પગલે તેઓ આઘાતમાં ગરકાવ બન્યા હતા.

# સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવી જરૂરી છે : નરહરિ

**અમદાવાદ,**

ગુજરાત રાજય સહકારી ક્ષેત્ર સહિતના ક્ષેત્રોમાં સતત પ્રગતિ અને વિકાસના શિખરો સર કરી રહ્યું છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્રનો વિકાસ નોંધનીય છે. સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રમાં ગુજરાત અને મહારાષ્ટ્ર આગળ છે. દેશ અને વિશ્વના અનેક લોકો તેમ જ સંસ્થાઓ આ બંને રાજયોની સહકારી પ્રવૃત્તિઓના અભ્યાસ અને તાલીમ અર્થે અહીં આવતા હોય છે. જેનું ઉદાહરણ અમૂલ બ્રાન્ડ છે કે જેણે આંતરરાષ્ટ્રીય સ્તરની ખ્યાતિ પ્રાપ્ત કરી છે. રાજયના વિકાસ માટે સરકાર જે જવાબદારી નિભાવી રહી છે, તેમાં સહકારી સંસ્થાઓ પણ બહુમૂલ્ય યોગદાન આપી રહી છે. સહકારી સંસ્થાઓ જેટલી મજબૂત હશે, તેટલો વધુ ફાયદો સહકારી સભાસદોને થવાનો છે અને તેનો સીધો લાભ રાજયના વિકાસને થશે. રાજયના વિકાસ માટે સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવી ખૂબ જરૂરી છે એમ અત્રે ગુજરાતના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઇ અમીને જણાવ્યું હતું. અમદાવાદમાં પગારદાર કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીઓના યોજાયેલા બહુ મહત્વના સેમીનારમાં અમીને આમ જણાવ્યું હતું. ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ અને ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદના સંયુકત ઉપક્રમે નારણપુરા સ્થિત ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લિ. ખાતે યોજાયેલા પગારદાર કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીઓના યોજાયેલા સેમીનારનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરતાં આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને વધુમાં જણાવ્યું હતું કે, પગારદાર કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓએ આવા સેમીનાર થકી કાયદાના જરૂરી ફેરફાર અને બદલાતા પ્રવાહોથી વાકેફ બનવું જોઇએ કે જેથી તમને મંડળીના સંચાલન અને સહકારી વ્યવસ્થામાં ખૂબ ઉપયોગી સાબિત થાય.


## જાહેર સૂચના

vodafone

નીચે જણાવેલા વોડાફોન (ડેટા અને વૉઇસ) પેપર વાઉચર્સના લાભ અને વૅલિડિટી 17/07/2018 થી બદલવામાં આવશે અને જે ગ્રાહકો 17/07/2018 થી નીચે જણાવેલ પેપર વાઉચર્સ રિચાર્જ કરાવશે તેઓને નીચે જણાવ્યા મુજબ લાભ (ટૉકટાઇમ) મળશેઃ

| પ્રીપેઈડ | | |
|---|---|---|
| ટૉપ અપ વાઉચર (MRP) | 16/07/2018 સુધી લાભ | 17/07/2018 થી નવા લાભ |
| ₹7 | અનલિમિટેડ વોડાફોન થી વોડાફોન કૉલ્સ વૅલિડિટીઃ 1 કલાક | ટૉકટાઇમઃ ₹5.23 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹9 | 45MB 2G ડેટા વૅલિડિટીઃ 1 દિવસ | ટૉકટાઇમઃ ₹6.73 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹9 | અનલિમિટેડ 2G ડેટા વૅલિડિટીઃ 1 કલાક | ટૉકટાઇમઃ ₹6.73 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹18 | અનલિમિટેડ 4G/3G ડેટા વૅલિડિટીઃ 1 કલાક | ટૉકટાઇમઃ ₹13.45 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹19 | 110 MB 4G/3G/2G ડેટા વૅલિડિટીઃ 2 દિવસ | ટૉકટાઇમઃ ₹14.20 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹19 | 75 MB 4G/3G/2G ડેટા વૅલિડિટીઃ 2 દિવસ | ટૉકટાઇમઃ ₹14.20 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹249 | 1.5 GB 4G/3G/2G ડેટા વૅલિડિટીઃ 28 દિવસ | ટૉકટાઇમઃ ₹208.02 વૅલિડિટીઃ અનલિમિટેડ |
| ₹297 | 2.5 GB થી 10 GB 4G/3G/2G ડેટા વૅલિડિટીઃ 28 દિવસ | ટૉકટાઇમઃ ₹248.69 વૅલિડિટીઃ અનલિમિટેડ |

વોડાફોન મોબાઈલ સર્વિસીસ લિમિટેડ (CIN No.: U64202MH1992PLC296375)
વોડાફોન હાઉસ, કૉર્પોરેટ રોડ,
પ્રહલાદનગર, ઑફ એસ. જી. હાઈવે,
અમદાવાદ - 380015.
**www.vodafone.in | 98250 98250**



